# ૨૦ જૂન –૨૦૧૬ (સોમવાર)

**(૧) રાજ્યના ૫૫ ટાપુનો વિકાસ થશે :**

- ગુજરાતના પપ ટાપુઓને પ્રવાસી સ્થળ તરીકે વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા ખાસ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- આ સાથે ગુજરાત પણ ટાપુ ટુરિઝમ થકી કમાણી કરતાં રાજ્યોની યાદીમાં જોડાઇ જશે.
- આ માટે રાજ્ય સરકારે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રેક્ચર ડેવલપમેન્ટ બોર્ડને જવાબદારી સોંપી છે.
- ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના સીઇઓ અજય ભાદુ આ પ્રોજેક્ટની જવાબદારી સંભાળશે તથા આ પપ ટાપુના વિકાસ પહેલા દેશ વિદેશના ટાપુઓનો અભ્યાસ કરાશે.

**(૨) 'તિથિ' – કન્નડ ફિલ્મ :**

- કન્નડ ફિલ્મ તિથિએ ૧૯માં શાંઘાઇ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં એશિયા ન્યુ ટેલેન્ટ એવોર્ડસમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મ અને સર્વશ્રેષ્ઠ પટકથા લેખકનો એવોર્ડ જીતી ચુકી છે.
- તિથિ આ મહોત્સવ માટે પસંદગી પામનારી એકમાત્ર ભારતીય ફિલ્મ હતી.
- ફિલ્મના દિગ્દર્શક – રામ રેડ્ડી

**(૩) રાજેશ અગ્રવાલ :**

- મધ્યપ્રદેશના ઇન્દોરમાં જન્મેલા ઉદ્યોગપતિ રાજેશ અગ્રવાલ લંડજનના ડેપ્યુટી મેયર બન્યા.
- પાક. મૂળના સાદિકખાન લંડનના મેયરપદે છે.

**(૪) માઇકલ ફેલ્ટસ : અમેરિકન સ્વિમર**

- અમેરિકન સ્વિમર માઇકલ ફેલ્પસે ૨૦૦ મીટર બટરફલાય સ્પર્ધા જીતીને રિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું.
- આ સાથે કેમ્પસ એ સતત પાંચમી વખત ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધુ .
- ફેલ્પસએ તેના ઓલિમ્પિક ઇતિહાસમાં ૧૮ ગોલ્ડ સહીત ૨૨ મેડલ મેળવ્યા છે.

પ્રશ્નો :

(૧) રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં રાજ્યના કેટલા ટાપુઓનો પ્રવાસી સ્થળ તરીકે વિકાસ કરવામાં આવશે ?
- **પપ**

(૨) પપ ટાપુઓના વિકાસ માટે સરકારે કોને જવાબદારી સોંપી છે ?
- **ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ**

(૩) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડના સીઇઓ કોણ છે ?
- **અજય ભાદુ**

(૪) તાજેતરમાં શાંઘાઇ ફિલ્મ મહોત્સવમાં કઇ એકમાત્ર ભારતીય ફિલ્મને સ્થાનળ મળ્યું ?
- **તિથિ (કન્નડ ફિલ્મ)**

(૫) શાંઘાઇ ફિલ્મોત્સવમાં તિથિને કયો એવોર્ડ મળ્યો ?
- **સર્વશ્રેષ્ઠ ફિલ્મ અને સર્વશ્રેષ્ઠ પટકથા લેખક**

(૬) તિથિ ફિલ્મનાચ દિગ્દર્શક
- **રામ રેડ્ડી**

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧